BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદ

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

જ્ઞાનગંગા

ન્યૂઝ લેટર







વર્ષ : 20 અંક : 68 જાન્યુઆરી-માર્ચ 2026

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

કુલપતિશ્રીની કલમે...



શિક્ષણ, સમાજ ઉત્કર્ષ અને રાષ્ટ્રસમર્પણની દિશામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જે અવિરત ગતિએ આગળ વધી રહી છે, તેનું સુંદર પ્રતિબિંબ 'જ્ઞાનગંગા'ના જાન્યુઆરી-માર્ચ 2026ના અંકમાં નિહાળીને અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું. યુનિવર્સિટીના 'સૌના માટે શિક્ષણ'ના ધ્યેયને વધુ વ્યાપક બનાવતાં, બંદીવાનો, શહીદ પરિવારો અને ટ્રાન્સજેન્ડર સમુદાય બાદ હવે દિવ્યાંગજનોને પણ નિઃશુલ્ક શિક્ષણ આપવાનો ઐતિહાસિક નિર્ણય બોર્ડ ઑફ મૅનેજમેન્ટ દ્વારા લેવાયો છે.

શિક્ષણ મંત્રાલયના સહયોગથી 'ભારતીય ભાષા પરિવાર' પર દ્વિ-દિવસીય રાષ્ટ્રીય અધિવેશન, અને પદ્મવિભૂષણ ડૉ. સોનલ માનસિંહજી જેવા મૂર્ધન્ય કલાકારોની ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના સહયોગથી યોજાયેલ 'અખિલ ભારતીય આચાર્ય ભરતમુનિ સંસ્કૃત સમારોહ' ભારતીય કલા અને ભાષાના સંવર્ધન માટે સીમાચિહ્નરૂપ રહ્યા. બજેટ 2026 પર આયોજિત 'બજેટ ટૉક @ કૅમ્પસ' અને M.A. (ઇતિહાસ) અભ્યાસક્રમની નવી શરૂઆત વિદ્યાર્થીઓના જ્ઞાનવર્ધન માટે મહત્ત્વનાં કદમ છે.

યુવા પ્રતિભાઓને નિખારવા માટે 'તેજતૃષા મહોત્સવ 2026'નું આયોજન થયું, જેમાં 900થી વધુ વિદ્યાર્થીઓએ 36 જેટલી સ્પર્ધાઓમાં ભાગ લીધો. આ જ ગાળામાં AIU વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલ (UNIFEST 2026)માં ભાગ લેનારી BAOU એકમાત્ર ઑપન યુનિવર્સિટી બની, જેમાં આપણા વિદ્યાર્થીએ વક્તૃત્વ સ્પર્ધામાં 5મો ક્રમ મેળવી રાષ્ટ્રીય સ્તરે ગૌરવ વધાર્યું છે. રાષ્ટ્રીય યુવા દિવસે સ્વામી વિવેકાનંદજીના આધ્યાત્મિક રાષ્ટ્રવાદ પર વ્યાખ્યાન અને 163મી જન્મજયંતી નિમિત્તે પુસ્તક પ્રદર્શન યોજાયું. આ સાથે ડીસા અને અમદાવાદ ખાતે SSIP 2.0 અને પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના અંગે જાગૃતિ તથા સ્ક્રુટિની બેઠકો ઉલ્લેખનીય રહી.

77મા ગણતંત્ર દિવસની ગરિમાપૂર્ણ ઉજવણીમાં સમગ્ર યુનિવર્સિટી પરિવાર જોડાયો. મહિલા સશક્તિકરણની દિશામાં ઇન્ડિયા ફાઉન્ડેશનના સહયોગથી બીજી 'વુમન થિંકર્સ મીટ'માં દેશની મહિલા અગ્રણી વિચારકોએ આત્મનિર્ભર ભારત માટે ચિંતન કર્યું. 'નારી ઉત્કર્ષ સાહિત્ય મહોત્સવ', 'સેતુ કાર્યક્રમ' અંતર્ગત કાયદાકીય જાગૃતિની કાર્યશાળા અને રાષ્ટ્રીય મહિલા દિવસે સૉફ્ટ સ્કીલ તાલીમ જેવા કાર્યક્રમોએ નારીશક્તિને આત્મવિશ્વાસ બક્ષ્યો.

માતૃભાષા દિવસે 'અભિવ્યક્તિ' કાર્યક્રમ અને 'યોજનાપંચકમ્' અંતર્ગત ગીતા તથા શતસુભાષિત કંઠપાઠ સ્પર્ધાએ સંસ્કૃતિનું સિંચન કર્યું. વિશ્વ રેડિયો દિવસે આપણા કૉમ્યુનિટી રેડિયો 'Hello BAOU' 90.0 FM દ્વારા રાષ્ટ્રીય કક્ષાની વર્ચ્યુઅલ ઉજવણીમાં સહભાગી થઈ આપણે નવી ટૅક્નૉલૉજી (AI)ના ઉપયોગ તરફ કદમ માંડ્યા છે. વિશેષરૂપે, પરીક્ષા આપતી માતાઓ માટે મહેસાણા કેન્દ્ર ખાતે 'ઘોડિયાઘર'(ડે-કૅર)ની શરૂઆત એ યુનિવર્સિટીના સંવેદનશીલ અભિગમનું ઉત્તમ ઉદાહરણ છે.

આવો, સર્વસમાવેશી અને ગુણવત્તાયુક્ત શિક્ષણના આ પવિત્ર યજ્ઞમાં આપણે સૌ સાથે મળીને વિકસિત ભારતના નિર્માણ તરફ મક્કમ ડગ માંડતા રહીએ. વિશ્વવિદ્યાલય પરિવારને આ અવિરત જ્ઞાનયાત્રાની સફળતા માટે મારાં હાર્દિક અભિનંદન.

પ્રો. અમી ઉપાધ્યાય
કુલગુરુ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

‘રાષ્ટ્રીય યુવા દિવસ’: સ્વામી વિવેકાનંદના વિચારો દ્વારા રાષ્ટ્રનિર્માણ

તારીખ: 12 જાન્યુઆરી, 2026

તારીખ 12 જાન્યુઆરી, 2026ના રોજ યુનિવર્સિટી ખાતે ‘રાષ્ટ્રીય યુવા દિવસ’ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે યુનિવર્સિટી દ્વારા દિલ્હી યુનિવર્સિટીના વિદ્વાન વક્તા ડૉ. વરુણ ગુલાટીના પ્રેરક વ્યાખ્યાનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું. ‘विवेकानंद और आध्यात्मिक राष्ट्रवाद: आत्मा की शक्ति से राष्ट्र निर्माण’ વિષય પર સંબોધન કરતાં ડૉ. ગુલાટીએ આત્મા અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે જીવનમાં ગુરુના મહત્ત્વ પર ભાર મૂક્યો. તેમણે સ્વામી વિવેકાનંદજીના યુવાનો, મહિલાઓ, રાષ્ટ્ર અને ધર્મ અંગેના ક્રાંતિકારી વિચારો રજૂ કરતાં જણાવ્યું કે, જે સતત ક્રિયાશીલ છે તે જ સાચો યુવાન છે.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે પોતાના ઉદ્બોધનમાં સ્વામી વિવેકાનંદજીના વિચારો કાળજયી હોવા વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે ઓપન યુનિવર્સિટીનો મૂળભૂત વિચાર સતત નવું શીખતા રહેવાનો છે, જે વિવેકાનંદજીના જીવનદર્શન સાથે સુસંગત છે. સ્વામીજીએ ભારતીય આધ્યાત્મિકતા અને સમાવેશી હિન્દુત્વના વિચારોને વિશ્વ સમક્ષ મૂકીને ભારતનો સાચો પરિચય કરાવ્યો.

આ વ્યાખ્યાનનો લાભ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓના નિયામકો, શૈક્ષણિક અને વહીવટી સ્ટાફના સભ્યોએ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન એક્સ્ટેન્શન એક્ટિવિટી વિભાગના ડૉ. નીતુ કનારા, ડૉ. પુનીત થાનકી અને ડૉ. પ્રવીણ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું.







સ્વામી વિવેકાનંદની 163મી જન્મજયંતી નિમિત્તે પુસ્તક પ્રદર્શનનું આયોજન

તારીખ: 12 જાન્યુઆરી, 2026, અમદાવાદ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વિવેકાનંદ લાઇબ્રેરી દ્વારા કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયની પ્રેરણાથી સ્વામી વિવેકાનંદની 163મી જન્મજયંતી નિમિત્તે વિશેષ પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સ્વામી વિવેકાનંદના વિચારો, જીવનદર્શન તથા રાષ્ટ્રનિર્માણમાં તેમની અમૂલ્ય ભૂમિકા અંગે જાગૃતિ લાવવાનો રહ્યો.

આ પ્રદર્શનમાં સ્વામી વિવેકાનંદના જીવન, ઐતિહાસિક ભાષણો, ઉપદેશો, યુવાશક્તિ, રાષ્ટ્રભાવના, આધ્યાત્મિકતા, શિક્ષણ અને વ્યક્તિત્વવિકાસ સંબંધિત મહત્ત્વનાં પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત, તેમના જીવન પર આધારિત વિવિધ જીવનચરિત્રો તથા પ્રેરણાદાયક સાહિત્યનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ આયોજનમાં ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદી (ડાયરેક્ટર, નૉલેજ રિસોર્સ સેન્ટર)નો વિશેષ સહકાર પ્રાપ્ત થયો. સમગ્ર કાર્યક્રમ ડૉ. નિશા જોષી (ગ્રંથાલય ઇન્ચાર્જ) અને પ્રો. પ્રિયાંકી વ્યાસ (વડા, LIS વિભાગ)ના માર્ગદર્શન હેઠળ યોજાયો. યુનિવર્સિટીના અધિકારીઓ અને કર્મચારીઓએ આ પ્રદર્શનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગ્રંથાલયના અધિકારીઓ તથા કર્મચારીઓએ જહેમત ઉઠાવી આ કાર્યક્રમને સફળ બનાવ્યો.









‘યોજનાપંચકમ્’ અંતર્ગત શતસુભાષિત અને શ્રીમદ્ભગવદ્ગીતા કંઠપાઠ સ્પર્ધાની સમીક્ષા યોજાઈ

તારીખ: 17 જાન્યુઆરી, 2026

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંચાલિત ‘યોજનાપંચકમ્’ અંતર્ગત પાંચ યોજના પૈકી ‘શતસુભાષિત કંઠપાઠ યોજના’ અને ‘સંપૂર્ણ શ્રીમદ્ભગવદ્ગીતા કંઠપાઠ સ્પર્ધા’ની સમીક્ષા યોજાઈ. કાર્યક્રમનો પ્રારંભ યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાય, માનવવિદ્યા અને સમાજશાસ્ત્ર વિભાગના નિયામક પ્રો. યોગેન્દ્ર પારેખ તથા અન્ય આમંત્રિત મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્યથી કરવામાં આવ્યો.

કાર્યક્રમના પ્રારંભે ‘યોજનાપંચકમ્’ના નોડલ ઑફિસર અને સંસ્કૃત વિભાગના પ્રાધ્યાપક ડૉ. વિનોદ માજીરાણાએ મંચસ્થ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું. આ પ્રસંગે કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે પ્રાસંગિક ઉદ્બોધન આપતાં શ્રીમદ્ભગવદ્ગીતામાં વર્ણવેલી ભૌતિક જગતની અસ્થિરતા અને મનુષ્યજીવનમાં ગીતાજીની અનિવાર્યતા પર ભાર મૂક્યો. તેમણે ભારતીય જ્ઞાન પરંપરા વિભાગના પ્રાધ્યાપકો સમક્ષ શ્રીમદ્ભગવદ્ગીતા વિશે પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કરવાની ઇચ્છા પણ વ્યક્ત કરી.

આ સ્પર્ધામાં પ્રતિભાગીઓનું મૂલ્યાંકન શુદ્ધ ઉચ્ચારણ, કંઠસ્થીકરણ, આરોહ-અવરોહ અને પ્રસ્તુતિના આધારે કરવામાં આવ્યું. ભારતીય જ્ઞાન પરંપરા વિભાગના પ્રાધ્યાપક શ્રી વિવેક સાખીએ સભાગૃહમાં ઉપસ્થિત સૌને ગીતાજીના 15મા અધ્યાયનું સમૂહપારાયણ કરાવ્યું.

સ્પર્ધાના અંતે વિજેતાઓને ગીતાપ્રેસની ‘ગીતા દૈનંદિની’ અને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. પાયલ ચાવડાએ કર્યું અને અંતમાં ડૉ. રોશની પ્રજાપતિએ આભારવિધિ કરી. સૌ પ્રતિભાગીઓના સહકારથી આ આયોજન સફળ રહ્યું.









ડીસા ખાતે SSIP 2.0 અને પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના અંતર્ગત વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન

તારીખ: 17 જાન્યુઆરી, 2025

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ તથા ISIICTL વિભાગના ડિરેક્ટર પ્રો. મનોજ શાહના દિશાનિર્દેશ અનુસાર, ડીસા (1026) સ્થિત ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે 'Student Sensitization Program on SSIP 2.0' વિષય પર વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં આસિસ્ટન્ટ પ્રોફેસર (મેનેજમેન્ટ) તથા એલ.એસ.સી. કો-ઑર્ડિનેટર ડૉ. ધવલ પંડ્યા, પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ શ્રી તેજેન્દ્ર પરમાર, પાલનપુર પ્રાદેશિક કેન્દ્રના રિજનલ ડિરેક્ટર ડૉ. સોનલ ચૌધરી, આસિસ્ટન્ટ રિજનલ ડિરેક્ટર શ્રી પાર્થ રાવલ તેમજ પ્રો. જિગ્નેશ વરવડિયાની વિશેષ ઉપસ્થિતિ રહી.

કાર્યક્રમ દરમિયાન પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ શ્રી તેજેન્દ્ર પરમારે ગુજરાત સરકારની મહત્ત્વાકાંક્ષી 'Student Startup and Innovation Policy' (SSIP 2.0) અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી. તેમણે જણાવ્યું કે, આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓના નવીન અને સંશોધનાત્મક વિચારોને સ્ટાર્ટઅપ સ્વરૂપે વિકસાવવા માટે ગ્રાન્ટના માધ્યમથી આર્થિક સહયોગ આપવાનો છે. તેમણે 'Idea to Proof of Concept' (PoC) સુધીની સમગ્ર પ્રક્રિયા, પાત્રતાના માપદંડો તથા અરજીપ્રક્રિયા વિશે પ્રેરણાદાયક ઉદાહરણો દ્વારા માર્ગદર્શન પૂરું પાડ્યું.

આ ઉપરાંત, વિદ્યાર્થીઓને 'પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના' (PM Internship Yojana) અંતર્ગત ઉપલબ્ધ કારકિર્દીની તકો, ઉદ્યોગઆધારિત અનુભવ તથા ભવિષ્યની રોજગારની સંભાવનાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સહભાગી થઈ પોતાના મૌલિક સ્ટાર્ટઅપ વિચારો રજૂ કર્યા, જે ઉપસ્થિત સૌ માટે પ્રેરણાદાયક રહ્યા.





77મા ગણતંત્ર દિવસની ગરિમાપૂર્ણ ઉજવણી

તારીખ: 26 જાન્યુઆરી, 2026

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) ખાતે દેશભક્તિના માહોલ વચ્ચે 77મા ગણતંત્ર દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે યુનિવર્સિટીનું સમગ્ર પ્રાંગણ એક અનોખી આભા અને રાષ્ટ્રપ્રેમના રંગે રંગાયેલું જોવા મળ્યું.

કાર્યક્રમના પ્રારંભે સંવિધાનના ઘડવૈયા ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને યુનિવર્સિટીનાં તમામ કર્મચારીઓ દ્વારા પુષ્પાંજલી અર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી. ત્યારબાદ ધ્વજવંદનનો મુખ્ય કાર્યક્રમ યોજાયો. યુનિવર્સિટીનાં કુલગુરુ દ્વારા યુનિવર્સિટી કર્મચારી પરિવારનાં બાળકોને સાથે રાખીને વિશેષ રીતે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ ક્ષણે આકાશ તિરંગાના રંગે રંગાયું હતું અને ઉપસ્થિત સૌ કોઈએ રાષ્ટ્રગીતનું સામૂહિક ગાન કર્યું હતું.

આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે સૌને પ્રજાસત્તાક દિનની શુભકામનાઓ પાઠવી હતી. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે,'આપણો દેશ હાલ શ્રેષ્ઠ નેતૃત્વ હેઠળ પ્રગતિના પંથે અગ્રેસર છે. રાષ્ટ્રની આ વિકાસયાત્રામાં આપણે સૌ પણ પોતાનું યથાયોગ્ય યોગદાન આપીએ અને આપણી યુનિવર્સિટીને શિક્ષણ અને સંસ્કારના માધ્યમથી નવી ઊંચાઈઓ સુધી લઈ જઈએ.'

તદુપરાંત, યુનિવર્સિટીના કુલસચિવ શ્રી એ. કે. જાડેજાએ વક્તવ્યમાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસને વાચા આપી હતી. તેમણે આઝાદીની લડતમાં સક્રિય રહેલા પરંતુ ઈતિહાસનાં પાને ઓછા જાણીતા એવા ભારતના વીર સપૂતો અને ઘડવૈયાઓને યાદ કર્યા હતા. તેમણે ઉપસ્થિત સૌને રાષ્ટ્ર-નિર્માણ-હેતુ સ્વયંને સજ્જ કરવા અને દેશહિતમાં સમર્પિત થવા માટે હાકલ કરી હતી.

આ કાર્યક્રમમાં બૌદ્ધિક અને સાંસ્કૃતિક પ્રસ્તુતિએ પણ આકર્ષણ જમાવ્યું હતું. યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર્સ, વિવિધ સ્કૂલના નિયામકશ્રીઓ અને અધ્યાપકગણ દ્વારા દેશભક્તિસભર કાવ્યપાઠ, કાવ્યગાન અને પ્રાસંગિક ઉદ્બોધનો રજૂ કરવામાં આવ્યાં હતાં, જેણે શ્રોતાઓમાં દેશભાવના જાગૃત કરી હતી.

કાર્યક્રમના અંતિમ ચરણમાં સૌએ સાથે મળીને અલ્પાહાર ગ્રહણ કર્યો હતો. આમ, કુલગુરુશ્રી, કુલસચિવશ્રી, બોર્ડ મેમ્બર્સ, નિયામકો, અધ્યાપકોથી લઈને સેવા, સુરક્ષા અને સફાઈ કર્મચારીઓની ઉમળકાભેર હાજરીમાં, સૌહાર્દપૂર્ણ વાતાવરણ વચ્ચે ભારતના 77મા ગણતંત્ર દિવસની શાનદાર ઉજવણી સંપન્ન થઈ હતી.









તેજતૃષા મહોત્સવ-2026

તારીખ: 27 જાન્યુઆરી, 2026

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના આંગણે આજે વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવાના ઉદ્દેશ્ય સાથે 'તેજતૃષા મહોત્સવ 2026'નું શાનદાર આયોજન થયું. રાજ્યભરમાંથી આવેલા વિદ્યાર્થીઓના ઉત્સાહ વચ્ચે મુખ્ય અતિથિ જાણીતા હાસ્ય કલાકાર પદ્મશ્રી જગદીશ ત્રિવેદી તથા કુલગુરુશ્રી પ્રો. અમી ઉપાધ્યાય દ્વારા મહોત્સવનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

ડૉ. જગદીશ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને જીવનલક્ષી માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, 'માત્ર પુસ્તકીય જ્ઞાન કે પરીક્ષાનાં પરિણામો જ જીવનનું સત્ય નથી; વિદ્યાર્થીએ પોતાની ભીતર રહેલી ઈશ્વરદત્ત કળા અને મૌલિક શક્તિને ઓળખીને આત્મવિશ્વાસ સાથે વિશ્વફલક પર સફળતાનાં શિખરો સર કરવાં જોઈએ.'





યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે 'તેજતૃષા'ના ઉદ્દેશ્યને સ્પષ્ટ કરતાં જણાવ્યું કે, 'આ યુવકોત્સવનો હેતુ માત્ર હરીફાઈનો નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં રહેલી કળા, સાહિત્ય અને રમતગમતની પ્રતિભાને ઓળખીને તેમને વિશ્વફલક પર મૂકવાનો છે.' તેમણે વધુમાં કહ્યું કે, 'વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની આ જ પ્રતિબદ્ધતા યુનિવર્સિટીના અન્ય પ્રકલ્પોમાં પણ પ્રતિબિંબિત થાય છે; જ્યાં એક તરફ યુવા પ્રતિભાઓને આત્મનિર્ભર બનાવવા 'સ્ટાર્ટઅપ અને ઇનોવેશન'માટે પ્રોત્સાહક રાશિ અપાય છે, તો બીજી તરફ સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતાં જેલના કેદીઓ અને ટ્રાન્સજેન્ડર સમુદાય માટે 'નિઃશુલ્ક શિક્ષણ'નાં દ્વાર પણ ખોલવામાં આવ્યા છે.'

મહોત્સવના પ્રારંભે ડૉ. સંજય પટેલે સ્વાગત વક્તવ્ય આપ્યું તથા આભારદર્શન કુલસચિવ એ. કે. જાડેજાએ કર્યું. ઉદ્ઘાટન સમારોહનું સંચાલન યુનિવર્સિટીનાં વિદ્યાર્થિની ખેવના જોશી દ્વારા કરવામાં આવ્યું.

ઉદ્ઘાટન બાદ મહોત્સવનો મુખ્ય દોર શરૂ થયો, જેમાં યુનિવર્સિટી-પરિસર કલા અને રમતના રંગે રંગાયેલું જોવા મળ્યું. સાંસ્કૃતિક વિભાગમાં કુલ 36 જેટલી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ. જેમાં બૌદ્ધિક કૌશલ્ય માટે 'જ્ઞાનધારા' અંતર્ગત નિબંધ, કાવ્ય સર્જન, લઘુકથા અને વક્તૃત્ત્વ જેવી સ્પર્ધાઓ યોજાઈ. કલા-કૌશલ્યને વાચા આપતી 'રંગ-કલાધારા'માં વિદ્યાર્થીઓએ પોસ્ટર મેકિંગ, કાર્ટૂન ડિઝાઇનિંગ, રંગોળી અને મહેંદીમાં પોતાની કળા પ્રદર્શિત કરી. 'ગીત-સંગીતધારા'માં સુગમ અને શાસ્ત્રીય સંગીત તેમજ વાદ્ય સંગીતના સૂરો રેલાયા, જ્યારે 'નાટ્યધારા'માં એકાંકી, મિમિક્રી, નૃત્ય અને ફેશન શો જેવી કૃતિઓએ દર્શકોને મંત્રમુગ્ધ કર્યા. આધુનિક સમય સાથે તાલ મિલાવતા 'સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા'માં સ્પોટ ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી જેવી સ્પર્ધાઓ આકર્ષણનું કેન્દ્ર બની.

સાંસ્કૃતિક કાર્યક્રમોની સમાંતર યોજાયેલી રમતગમતની સ્પર્ધાઓમાં પણ યુવાધનનો અનેરો થનગનાટ જોવા મળ્યો. યુનિવર્સિટીના મેદાન પર વિદ્યાર્થીઓએ માત્ર જીતવા માટે નહીં પરંતુ સાચી ખેલદિલી સાથે વિવિધ રમતોમાં ભાગ લીધો. શારીરિક સૌષ્ઠવ અને ટીમ સ્પિરિટના દર્શન કરાવતી આ રમતગમત સ્પર્ધાઓએ મહોત્સવમાં એક નવો જોશ અને ઊર્જાનો સંચાર કર્યો. રાજ્યભરમાંથી ૯૦૦થી વધારે વિદ્યાર્થીઓ મહોત્સવમાં સહભાગી થયા. સૌ વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવ્યા. આમ, કલા, સાહિત્ય અને રમતગમતના ત્રિવેણી સંગમ સમાન આ મહોત્સવ વિદ્યાર્થીઓ માટે એક યાદગાર સંભારણું બની રહ્યો.













‘વુમન થિંકર્સ મીટ’નું ગરિમાપૂર્ણ સમાપન

તારીખ: 1 ફેબ્રુઆરી, 2026

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદના ગૌતમ હૉલ ખાતે સમન્વય પ્રતિષ્ઠાન અને ઇન્ડિયા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત દ્વિ-દિવસીય ‘બીજી વુમન થિંકર્સ મીટ’નો સમાપન સમારોહ અત્યંત ઉત્સાહભેર સંપન્ન થયો. આ પ્રસંગે ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી સુરેશ પ્રભુ, ઇન્ડિયા ફાઉન્ડેશનના શ્રી રામ માધવ, યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાય, સસ્ટેનેબિલિટી વિઝનરી ડૉ. અજય રંકા તથા શ્રી ખુશ બ્રહ્મભટ્ટની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન યુવાકેન્દ્રિત અભિગમ ધરાવતા સ્વપ્નદ્રષ્ટા ડૉ. જિગર ઇનામદારના કુશળ માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ વૈચારિક મંથનમાં ગુજરાત સહિત દેશભરનાં મહિલા વિચારકો, શિક્ષણવિદો અને ઉદ્યોગસાહસિકોએ એકત્ર થઈ આત્મવિકાસ, આત્મનિર્ભરતા અને નેતૃત્વ જેવા પાયાના વિષયો પર સક્રિય સંવાદ સાધ્યો હતો. ‘વિકસિત ભારત @2047’ના સંકલ્પને કેન્દ્રમાં રાખીને આયોજિત આ મીટમાં માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે મહિલાકેન્દ્રિત સંશોધન અને સામાજિક માનસિકતાના પરિવર્તનની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. તેમણે નારીશક્તિને આત્મનિર્ભર બની રાષ્ટ્રના ઉત્કર્ષમાં મહત્તમ યોગદાન આપવા માટે આહ્વાન કર્યું હતું.

શ્રી રામ માધવે મહિલાઓમાં આત્મવિશ્વાસના સંવર્ધન વિશે વાત કરતાં જણાવ્યું કે, ગ્રામીણ ક્ષેત્રની મહિલાઓ પણ ગૌરવભેર જીવન જીવી શકે તે માટે આવા વૈચારિક મંચનો વિસ્તાર અનિવાર્ય છે. ડૉ. જિગર ઇનામદારના સમાજ-પરિવર્તનલક્ષી વિઝનને સાકાર કરતાં આ કાર્યક્રમે મહિલાઓના વિચારોને મજબૂત મંચ પૂરો પાડવાની સાથે આત્મવિકાસ અને રાષ્ટ્રનિર્માણ વચ્ચે સંતુલન સાધવાની દિશા ચીંધી હતી. સહભાગી યુવા મહિલાઓએ આ સંવાદને અત્યંત પ્રેરણાદાયી અને વિચાર-પરિવર્તનકારી ગણાવતાં કાર્યક્રમની સફળતાને બિરદાવી હતી. આ પ્રસંગે યુનિવર્સિટી પરિવારના સભ્યો અને આમંત્રિતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.










તેજતૃષા મહોત
તારીખ: 27 જાન્યુ




BAOU
Dr. Babasaheb Ambedkar
Open University
ઉદ્ઘાટન સમારોહ











‘ભારતીય ભાષા પરિવાર’ વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશન

તારીખ: 6 ફેબ્રુઆરી, 2026

ભારતીય ભાષા સમિતિ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકારના સહયોગથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી(BAOU)દ્વારા ‘ભારતીય ભાષા પરિવાર’ વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશનનું ગૌરવવંતુ આયોજન કરાયું. આ અવસરે પ્રથમ દિવસે શિક્ષણ અને સાહિત્યજગતના મૂર્ધન્ય વિદ્વાનોની ગરિમામય ઉપસ्थिति રહી. મંચ પર યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાય, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. મધુકરભાઈ પડવી, દિલ્હી યુનિવર્સિટીના પ્રો. રવિપ્રકાશ ટેકચંદાની તેમજ ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર પ્રો. જયેન્દ્રસિંહ જાદવ બિરાજમાન રહ્યા. ઉદ્ઘાટનસત્રના પ્રારંભે ભારતીય ભાષા સમિતિ દ્વારા તૈયાર કરાયેલા બે મહત્ત્વના સંશોધનગ્રંથો ‘ભારતીય ભાષા પરિવાર: અ ન્યૂ ફ્રેમવર્ક ઇન લિંગ્વિસ્ટિક્સ’ અને ‘કલેક્ટેડ સ્ટડીઝ ઑન ભારતીય ભાષા પરિવાર: પરસ્પેક્ટિવ્સ ઍન્ડ હોરાઇઝન્સ’નું મહાનુભાવોના હસ્તે ભાવપૂર્વક વિમોચન થયું.







ઉદ્ઘાટનસત્રમાં વક્તાઓએ પોતાના પ્રેરક વિચારો દ્વારા ભારતીય ભાષાના મહત્ત્વને ઉજાગર કર્યું. કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે ભારતીય ભાષાઓને માત્ર સંવાદનું માધ્યમ નહીં, પરંતુ સંસ્કાર અને સંસ્કૃતિનો જીવંત વારસો ગણાવી રાષ્ટ્રીય એકતામાં વિવિધતાના ફાળાને બિરદાવ્યો. શ્રી ભાગ્યેશ જહાએ ભારતીય ભાષાઓના મૂળમાં સંસ્કૃતનો પ્રભાવ દર્શાવી ભાષાને સામૂહિક ચેતનાનું પ્રતિબિંબ ગણાવ્યું. આદિવાસી બોલીઓના મહત્ત્વ અંગે પ્રો. મધુકરભાઈ પડવીએ જણાવ્યું કે આ બોલીઓ ભારતીય ભાષા પરિવારનું અભિન્ન અંગ છે અને લિપિના અભાવે તેને ગૌણ ગણવી ઉચિત નથી, કારણ કે તે જ્ઞાનવહનનું સશક્ત માધ્યમ છે. પ્રો. રવિપ્રકાશ ટેકચંદાનીએ માતૃભાષામાં મૌલિક ચિંતનને સાચી સ્વતંત્રતાનો આધાર ગણાવ્યો. પ્રો. જયેન્દ્રસિંહ જાદવે સ્પષ્ટ કર્યું કે ભારતીય ભાષાઓ એક જ જ્ઞાનપરંપરાનાં વિવિધ સ્વરૂપો છે અને તેને મૂળ સંસ્કૃતિ સાથે જોડીને જોવી અનિવાર્ય છે.

આ સત્રમાં પ્રો. યોગેન્દ્ર પારેખે અતિથિઓનું શાબ્દિક સ્વાગત કર્યું, ડૉ. અર્ચના મિશ્રાએ સંચાલન સંભાળ્યું અને અંતમાં ડૉ. બિંદિતારાની બેહેરા દ્વારા આભારવિધિ કરવામાં આવી.

આ રાષ્ટ્રીય અધિવેશનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ, સંશોધકો, અધ્યાપકો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ પ્રબુદ્ધ મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

Academic Sessions of Two-Day National Conference on 'Bharatiya Bhasha Pariwar' Highlight Linguistic and Cultural Heritage

Date: 07 February, 2026

Dr. Babasaheb Ambedkar Open University organized a Two-Day National Conference on 'Bharatiya Bhasha Pariwar' on 6th and 7th February 2026. The academic sessions of the conference offered deep scholarly engagement with India's linguistic, cultural, and knowledge traditions through insightful lectures and discussions by eminent academicians.

Prof. Ravi Prakash Tekchandani (University of Delhi) elaborated on the historical and cultural connection between Sanskrit and Sindhi, highlighting how Sanskrit has played a formative role in shaping Sindhi vocabulary, grammar, and literary traditions, thereby strengthening inter-linguistic continuity within the Indian language family. The session was moderated by Dr. Yesha Bhatt, Assistant Professor (English).

Prof. Rajesh Makwana (Central University of Gujarat, Vadodara) discussed how Indian languages and culture are intrinsically interconnected, explaining how linguistic expressions serve as carriers of cultural values, traditions, and collective memory. Prof. Sachin Chandrakant Ketkar (MSU, Vadodara) presented Comparative Indian Literatures as a robust research framework, advocating comparative approaches to understand Bhasha literatures beyond linguistic boundaries. The session was moderated by Dr. Ankit Parmar, Assistant Professor (English).

Dr. Sudha Kumari K (University of Delhi) examined the mutual interrelationship of regional languages within the Bharatiya Bhasha Pariwar, underlining linguistic exchange, coexistence, and shared knowledge traditions. The session was moderated by Mr. Shyam Patel, Assistant Professor (IKS).

Together, these sessions reinforced the idea that Indian languages are not isolated entities but interconnected expressions of a shared civilizational and intellectual heritage. The event saw active participation from researchers, faculty members and students.



BAOU Marks a Historic Milestone and Achieves National Success at AIU West Zone Youth Festival (UNIFEST 2026)

Date: 12 February, 2026

Dr. Babasaheb Ambedkar Open University (BAOU), Ahmedabad, proudly marks a historic milestone at the prestigious AIU West Zone Youth Festival (UNIFEST 2026). In a grand celebration of youth creativity and artistic excellence that brought together more than 33 universities and around 1500 talented participants, BAOU stood strong as the first and only Open University representing the distance mode of education on such a massive platform.

Under the visionary mentorship of Hon'ble Vice Chancellor Professor (Dr) Ami Upadhyay, BAOU believes that distance learners deserve not only academic excellence but also the joy, exposure, and confidence that come from cultural participation. Our mission is to nurture well-rounded individuals competent in cultural, literary, and performing arts.

This year, making a historic debut, a determined group of BAOU students participated in seven vibrant competitions:

- Elocution
- Collage
- Rangoli
- Clay Modeling
- Classical Dance
- Taalvadya (Percussion)
- Vocal Music

Our students shone with immense passion, proving that dedication matters more than numbers. A moment of extraordinary pride was marked when our student, Akshay, secured an impressive 5th rank in the Elocution Competition—a remarkable achievement amidst such intense national-level competition.





As Neil Armstrong famously said, 'That's one small step for a man, one giant leap for mankind.' Similarly, this participation is a giant leap for distance education. This year, we made history and our presence was noticed by all. With the experience of this year's exposure and belonging, we aim even higher for the next year to bring home more ranks. True success begins with showing up and shining. Proud today. Stronger tomorrow.







સાહિત્ય અને કલા એ માત્ર મનોરંજન યા વિલાસનું સાધન નથી. સમાજના પીડિત અને શોષિત વર્ગની વેદનાને વાચા ન આપી શકતી કલા નકામી છે. કેટલાક લોકો 'કલા ખાતર કલા'ના સિદ્ધાંતમાં માને છે, હું આ વિચાર સાથે સહમત નથી. મારી દૃષ્ટિએ કલા હંમેશાં માનવજીવનના ઉત્કર્ષ માટે હોવી જોઈએ.

કલાકારે પોતાની કલ્પનાઓની દુનિયામાંથી બહાર આવીને વાસ્તવિકતા અને સમાજની પીડાને પોતાની કલામાં ઝીલવી જોઈએ. મનુષ્યને અંધશ્રદ્ધા, ગુલામી અને માનસિક બંધનોમાંથી મુક્ત ન કરી શકતી અને સમાનતાનો સંદેશ ન આપી શકતી કલાને સાચી કલા કહી શકાય નહીં. સાચી કલા એ છે જે માણસના મનમાં જાગૃતિ પેદા કરે અને તેને પોતાના અધિકારો પ્રત્યે સભાન બનાવે.

સમાજની ભૌતિક અને આત્મિક ઉન્નતિને લક્ષમાં રાખ્યા વિનાની કલા દિશાહીન રહે છે. કલાનું સર્જન એવું હોવું જોઈએ કે તે મનુષ્યના ચારિત્ર્યનું ઘડતર કરે અને સમાજમાં કરુણા તથા મૈત્રીનો પ્રસાર કરે.

— ડૉ. બાબાસાહેબ આંબેડકર (તેમના લખાણો અને પ્રવચનોમાંથી ગુજરાતી અનુવાદ)

વિશ્વ રેડિયો દિવસ નિમિત્તે 'Hello BAOU' 90.0 FMએ રાષ્ટ્રીય કક્ષાની વર્ચ્યુઅલ ઉજવણી

તારીખ: 13 ફેબ્રુઆરી, 2026

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીનું કૉમ્યુનિટી રેડિયો 'Hello BAOU' 90.0 FM-નાં પ્રતિનિધિઓ, 13 ફેબ્રુઆરી, 2026ના રોજ વિશ્વ રેડિયો દિવસની વર્ચ્યુઅલ ઉજવણીમાં સહભાગી બન્યાં હતાં. માનનીય કુલગુરુના માર્ગદર્શનથી જ રાષ્ટ્રીય સ્તરના આ મંચ પર જોડાવાનો અવસર પ્રાપ્ત થયો હતો.

વિશ્વ રેડિયો દિવસ નિમિત્તે 'કૉમ્યુનિટી રેડિયો એસોસિએશન' (CRA) અને 'કૉમનવેલ્થ એજ્યુકેશનલ મીડિયા સેન્ટર ફૉર એશિયા' (CEMCA) દ્વારા આયોજિત આ વર્ચ્યુઅલ ઉજવણીમાં દેશભરનાં આશરે 200 જેટલાં કૉમ્યુનિટી રેડિયો સ્ટેશનો (CRS) ઉત્સાહભેર જોડાયાં હતાં. આ પ્રસંગે માહિતી અને પ્રસારણ મંત્રાલયના અન્ડર સેક્રેટરી શ્રી મહેન્દ્રકુમાર મીણાએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ને રેડિયોક્ષેત્ર માટે એક સશક્ત સાધન ગણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ટેક્નોલૉજીના સમજદારીપૂર્વકના ઉપયોગથી રેડિયો વધુ અસરકારક રીતે સમાજની છેવાડાની વ્યક્તિ સુધી પહોંચી શકે છે.

CEMCAના ડિરેક્ટર ડૉ. બી. શેદ્રાકે AIને ભવિષ્યની દિશા નિર્ધારિત કરતું માધ્યમ ગણાવી CRA, રિલાયન્સ ફાઉન્ડેશન અને CEMCA વચ્ચેના સંભવિત સહયોગ અંગે સવિસ્તર ચર્ચા કરી હતી. રિલાયન્સ ફાઉન્ડેશન તરફથી શ્રી સેન્થિલકુમારન કૃષ્ણને AI આધારિત એપ્લિકેશનો અંગે માહિતી આપી હતી, જે સામગ્રીનિર્માણ અને પ્રસારણ-વ્યવસ્થાપનમાં અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે છે. CEMCAના પ્રોગ્રામ ડિરેક્ટર શ્રીમતી મોનિકા શર્મા અને પી.આઈ.બી. (PIB)ના નિવૃત્ત પ્રિન્સિપાલ ડિરેક્ટર જનરલ શ્રી કુલદીપ ધતવાલિયાએ AIના ઉપયોગમાં નૈતિકતા, સચોટતા અને જવાબદારીના મહત્ત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો.

CRAના પ્રમુખ શ્રી સંદીપ પરમારે સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન દક્ષિણ ક્ષેત્રના ઉપપ્રમુખ ડૉ. એસ. ચંદ્રશેખરે કર્યું હતું અને જનરલ સેક્રેટરી શ્રી જિતેન્દ્ર શર્માએ આભારવિધિ કરી હતી. રાષ્ટ્રીય સંયોજક શ્રી સંદીપ રાણાના સઘન પ્રયત્નોથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

આ રાષ્ટ્રીય ઉજવણીમાં 'Hello BAOU'ના પ્રતિનિધિ તરીકે શ્રી દિગીશ વ્યાસ અને સુશ્રી નેહા ભટ્ટ જોડાયાં હતાં, જે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સંચાલિત રેડિયો સ્ટેશનોની સામાજિક જાગૃતિ લાવવામાં રહેલી ભૂમિકાને સુપેરે સ્પષ્ટ કરે છે. વિશ્વ રેડિયો દિવસની આ ઉજવણી રેડિયો અને આધુનિક ટેક્નોલૉજીના સુમેળના દૃઢ વિશ્વાસ સાથે સંપન્ન થઈ.



‘બજેટ ટૉક @ કૅમ્પસ’ કાર્યક્રમનું આયોજન

તારીખ: 13 ફેબ્રુઆરી, 2026

ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા યુનિયન બજેટ 2026ના આર્થિક દૃષ્ટિકોણ અને આત્મનિર્ભર ભારતના લક્ષ્યોને જન-જન સુધી પહોંચાડવાના હેતુથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) ખાતે 13 ફેબ્રુઆરી, 2026ના રોજ‘બજેટ ટૉક @ કૅમ્પસ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફને બજેટની આર્થિક અને વિકાસલક્ષી નીતિઓથી માહિતગાર કરી સચોટ માર્ગદર્શન પૂરું પાડવાનો હતો.

કાર્યક્રમનો મંગલ પ્રારંભ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય, રાષ્ટ્રીય ગાન‘વંદે માતરમ્’ અને યુનિવર્સિટી ગીતના ગાન સાથે કરવામાં આવ્યો હતો. અધ્યક્ષસ્થાનેથી યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે પોતાના પ્રેરણાદાયી વક્તવ્યમાં ભારતના પ્રાચીન જ્ઞાન અને આધુનિક ટૅક્નૉલૉજીના સમન્વય પર વિશેષ ભાર મૂકતાં જણાવ્યું હતું કે,‘વૈદિક કાળથી ચાલી આવતા ભારતના સમૃદ્ધ આધ્યાત્મિક જ્ઞાનથી લઈને અત્યારના આધુનિક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) સુધીના પરિવર્તનને ભારત સફળતાપૂર્વક અપનાવી શકે છે અને તે આપણી સરકારનું વિઝન છે.’ તેમણે વધુમાં ઉમેર્યું કે, સરકારની વિવિધ કલ્યાણકારી નીતિઓનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી અસરકારક રીતે પહોંચે તે જ સાચા અર્થમાં સર્વસમાવેશી વિકાસનું પ્રતિબિંબ છે.

મુખ્ય વક્તા CA અજય શર્માએ બજેટના વિવિધ જટિલ પાસાઓનું સરળ વિશ્લેષણ રજૂ કર્યું હતું. સરકારના પ્રતિનિધિ શ્રી જિગ્નેશભાઈ પંડ્યાએ બજેટની રૂપરેખા સમજાવતાં જણાવ્યું હતું કે, આ બજેટ એ માત્ર નાણાકીય દસ્તાવેજ નથી, પરંતુ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના‘વિકસિત ભારત 2047’ના વિઝનને પ્રત્યક્ષ રીતે દર્શાવે છે.

સ્કૂલ ઑફ કૉમર્સ ઍન્ડ મૅનેજમેન્ટના નિયામક પ્રો. મનોજ શાહ દ્વારા કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરવામાં આવી અને રોકાણ તેમજ બજેટ 2026 અંગેનાં વિવિધ પાસાઓની જાણકારી સંક્ષિપ્તમાં આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ડૉ. ધવલ પંડ્યા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન સુશ્રી હાર્દી ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ આયોજન દ્વારા શ્રોતાઓમાં રાષ્ટ્રીય આર્થિક નીતિઓ પ્રત્યે જાગૃતિ વિકસી અને તેમને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં પોતાની જવાબદારી અને સક્રિય ભાગીદારીનું મહત્ત્વ સમજવામાં મદદ મળી.









વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ‘અભિવ્યક્તિ’ કાર્યક્રમ યોજાયો

તારીખ: 21 ફેબ્રુઆરી, 2026

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ‘અભિવ્યક્તિ’ કાર્યક્રમનું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી પરિવારના સૌ ભાષાપ્રેમીઓ ઉત્સાહભેર સહભાગી થયા હતા. કાર્યક્રમના પ્રારંભે માનવવિદ્યાઓ અને સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખાના નિયામક પ્રો. યોગેન્દ્ર પારેખે પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું.

તેમણે માતૃભાષામાં વ્યવહાર અને શિક્ષણનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું કે, ‘કોઈ પણ ભાષા ચડિયાતી કે ઊતરતી નથી; દરેક ભાષા તેના ભાષક માટે મહાન છે. સંતાનને માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ મેળવવાના જન્મદત્ત અધિકારથી વંચિત રાખવા એ એક પ્રકારનો સાંસ્કૃતિક અપરાધ છે.’ તેમના ઉદ્બોધન બાદ યુનિવર્સિટી પરિવારના વિવિધ સભ્યોએ પોતાની માતૃભાષામાં કાવ્યપાઠ, કાવ્યગાન અને વક્તવ્ય દ્વારા સુંદર અભિવ્યક્તિ કરી હતી. આ બહુભાષીય કાર્યક્રમમાં ડૉ. અર્ચના મિશ્રા, ડૉ. દીપ્તિબા ગોહિલ, ડૉ. નીતુ કનારા, ડૉ. આશિષકુમાર સિંહ, ડૉ. એશા ભટ્ટ, ડૉ. નવીન ખત્રી, ડૉ. માલતી વ્યાસ, ડૉ. રશ્મિ રાજપૂત, ડૉ. હાર્દી ભટ્ટ, ડૉ. બીજલ રાવલ, પ્રા. શુભમ તિવારી, પ્રા. જય ચુડાસમા, શ્રી બિન્દી ચૌહાણ, શ્રી નેહાબેન ભટ્ટ, પ્રા. વંદન ગોર, પ્રા. હેતલ જોષી અને પ્રા. નીતા વસાવાએ સહભાગી થઈને માતૃભાષાનું ગૌરવગાન કર્યું હતું.

માતૃભાષાના મહિમાને ઉજાગર કરતા આ કાર્યક્રમના અંતે પ્રા. હેતલ જોષીએ ઉપસ્થિત સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. રજનીકુમાર પરમારે કર્યું હતું.













BAOUની પરીક્ષા આપતી માતાઓ માટે રાહત: પરીક્ષાકેન્દ્ર પર બાળકો માટે 'ઘોડિયાઘર'ની વિશિષ્ટ સુવિધા

તારીખ: 26 ફેબ્રુઆરી, 2026

મહેસાણામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી(BAOU)ની પરીક્ષાઓ ચાલી રહી છે, ત્યારે શ્રી સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત પરીક્ષાકેન્દ્ર ખાતે એક અત્યંત સરાહનીય અને અનોખી પહેલ કરવામાં આવી છે. આ કેન્દ્ર પર પરીક્ષા આપવા આવતી માતાઓ અને મહિલા વિદ્યાર્થિનીઓની સુવિધા માટે ખાસ 'ઘોડિયાઘર'(ડે-કેર)ની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

BAOUની પરીક્ષામાં વયસ્ક અને માતૃત્વ ધારણ કરેલી મહિલાઓ પણ મોટી સંખ્યામાં ભાગ લેતી હોય છે. આ મહિલાઓ પોતાના ભૂલકાંઓને લઈને પરીક્ષા આપવા આવતી હોવાથી, તેમને પરીક્ષા દરમિયાન કોઈ મુશ્કેલી ન પડે અને તેઓ ચિંતામુક્ત થઈને શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી શકે તે હેતુથી પરીક્ષાકેન્દ્ર પર આ વિશેષ સુવિધા શરૂ કરવામાં આવી છે. આ ઘોડિયાઘરમાં બાળકોને સાચવવા માટે સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવામાં આવે છે.

શ્રી સાર્વજનિક કેળવણી મંડળના શ્રી મિલન એસ. ચૌધરીના જણાવ્યા અનુસાર, શિક્ષણ વિભાગની માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને આ વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી માતાઓ પોતાના બાળકની ચિંતા કર્યા વિના સંપૂર્ણ એકાગ્રતા અને તંદુરસ્ત વાતાવરણમાં પોતાની પરીક્ષા આપી શકે.

ઉલ્લેખનીય છે કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અમદાવાદ સ્થિત વડામથક ખાતે કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયના પ્રેરક નેતૃત્વમાં કાયમ માટે 'ડે-કેર સેન્ટર'ની વ્યવસ્થા કરવામાં આવેલી છે. આ સેન્ટરમાં મહિલા કર્મચારીઓ તથા પરીક્ષાર્થી મહિલાઓનાં સંતાનોની વિશેષ કાળજી લેવામાં આવે છે. યુનિવર્સિટીના આ સંવેદનશીલ અભિગમને શૈક્ષણિક જગતમાં વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે.

"માતાનું હૃદય એ બાળકની સાચી પાઠશાળા છે. દુનિયાના કોઈ પણ શિક્ષક કે પુસ્તકો કરતાં માતાનો પ્રભાવ બાળકના ચરિત્ર પર સૌથી વધુ પડે છે. માતા પોતાના બાળકમાં જે સંસ્કાર સિંચન કરી શકે છે, તે બીજું કોઈ કરી શકતું નથી."

-મહાત્મા ગાંધી

"હું કોઈપણ સમાજની પ્રગતિ એ સમાજની સ્ત્રીઓએ કરેલી પ્રગતિના માપદંડથી માપું છું. શિક્ષિત અને જાગૃત માતા જ સક્ષમ આવનારી પેઢીનું નિર્માણ કરી શકે છે. બાળકનું પ્રથમ અને સાચું શિક્ષણ માતાના ખોળામાંથી જ શરૂ થાય છે. સમાજના ઉત્થાનમાં માતાની ભૂમિકા સૌથી મહત્ત્વની છે."

-ડૉ. બાબાસાહેબ આંબેડકર

દ્વિ-દિવસીય ‘અખિલ ભારતીય આચાર્ય ભરતમુનિ સંસ્કૃત સમારોહ’: નાટ્યશાસ્ત્ર અને કલા-પરંપરાનું ગૌરવગાન

તારીખ: 28 ફેબ્રુઆરી, 2026

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ‘જ્યોતિર્મય પરિસર’ ખાતે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના સહયોગથી દ્વિ-દિવસીય‘અખિલ ભારતીય આચાર્ય ભરતમુનિ સંસ્કૃત સમારોહ’યોજાયો. તા. 28 ફેબ્રુઆરી અને 1 માર્ચ, 2026 એમ બે દિવસ ચાલેલા આ સમારોહમાં નાટ્યશાસ્ત્ર અને સંસ્કૃત ભાષાના વિવિધ આયામો પર જ્ઞાનસભર મંથન થયું.

સમારોહના પ્રથમ દિવસે યોજાયેલા ઉદ્ઘાટન સત્રમાં પદ્મવિભૂષણ ડૉ. સોનલ માનસિંહજી (પ્રખ્યાત નૃત્યાંગના અને નાટ્યશાસ્ત્રનાં વિદૂષી), ડૉ. સંધ્યા પુરેચા (અધ્યક્ષા, સંગીત નાટક અકાદમી) અને ડૉ. સચ્ચિદાનંદ જોશી (સભ્ય સચિવ, ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર, દિલ્હી) જેવા અગ્રણી મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ શ્રી હિમાંજય પાલીવાલ અને યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં મહાનુભાવોએ દીપપ્રાગટ્ય દ્વારા કાર્યક્રમનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું હતું.

મુખ્ય અતિથિપદેથી ઉદ્બોધન કરતાં પદ્મવિભૂષણ ડૉ. સોનલ માનસિંહજીએ ભારતીય કલા અને માતૃભાષા પ્રત્યે ઊંડો ગૌરવભાવ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, નાટ્યશાસ્ત્રમાં ગુરુનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે અને કલા જ્યારે દેશ, કાળ તથા પરિસ્થિતિ મુજબ અભિવ્યક્ત થાય છે ત્યારે જ તે ખરા અર્થમાં જીવંત રહે છે. સમારોહની અધ્યક્ષતા કરી રહેલાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે યુનિવર્સિટી દ્વારા સંસ્કૃત ભાષા અને ભારતીય કલા-પરંપરાના સંવર્ધન માટે હાથ ધરવામાં આવેલા સ્તુત્ય પ્રયાસોની વિસ્તૃત રૂપરેખા આપી હતી.









‘સેતુ’ કાર્યક્રમ અંતર્ગત એક દિવસીય કાર્યશાળાનું આયોજન

તારીખ: 27 ફેબ્રુઆરી, 2026

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયનાં પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ, જેન્ડર રિસોર્સ, મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના સંકલનમાં યુનિવર્સિટીના પ્રાદેશિક કેન્દ્ર, અમદાવાદ તથા અભ્યાસકેન્દ્ર 0128 — ઉમિયા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ ખાતે‘સેતુ’ કાર્યક્રમ અંતર્ગત એક દિવસીય કાર્યશાળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રથમ સત્રની શરૂઆત પરંપરાગત દીપપ્રાગટ્ય અને મહાનુભાવોના ઉષ્માભર્યા સ્વાગત સાથે થઈ હતી. સ્ટુડન્ટ ડેવલપમેન્ટ વિભાગના નિયામક ડૉ. નિશા જોષીએ પ્રાસંગિક ઉદ્બોધન દ્વારા સૌનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. નિયતિ મિસ્ત્રી (નિયામક, ભૂગોળ વિભાગ, ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર)એ મહિલાઓના સર્વાંગી વિકાસ અને શિક્ષણના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, શૈક્ષણિક સશક્તીકરણ જ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.

આ ઉપરાંત, એડ્વોકેટ ડૉ. સોનલ જોષીએ મહિલાઓને કાયદાકીય અધિકારો અને અન્યાય સામે લડવાની પ્રક્રિયા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ઉમિયા કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. સંગીતા ઘાટેએ અધ્યક્ષીય ઉદ્બોધન આપ્યું હતું, જ્યારે BAOUના EC સદસ્ય શ્રી રૂપલ પટેલે આભારવિધિ કરી હતી.

કાર્યક્રમના દ્વિતીય સત્રમાં મુખ્ય વક્તા તરીકે શ્રી મૈત્રી ત્રિવેદી (લીગલ આસિસ્ટન્ટ, BAOU)એ કાર્યસ્થળ પર મહિલાઓના અધિકારો અને કાયદાકીય સુરક્ષાના પાસાઓની ગહન ચર્ચા કરી હતી. તેમણે સમજાવ્યું કે કાયદાકીય સમજ એ મહિલાઓના આત્મસન્માન અને સામાજિક સુરક્ષાનું મજબૂત કવચ છે. દ્વિતીય સત્રના અંતે શ્રી સાહિસ્તાબેન મલેકે આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ‘સેતુ’નાં નોડલ અધિકારી પ્રો. પ્રિયાંકી વ્યાસ અને ડૉ. નિશા જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાને સફળ બનાવવામાં ડૉ. હીના રાવલ, શ્રી અભિ ત્રિવેદી, પ્રાદેશિક કેન્દ્ર અમદાવાદની ટીમ અને સ્ટુડિયો ટીમનો નોંધપાત્ર સહયોગ રહ્યો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થિનીઓ અને સ્ટાફ સભ્યો માટે આ આયોજન અત્યંત જ્ઞાનવર્ધક સાબિત થયું હતું.









ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ શ્રી હિમાંજય પાલીવાલે દૃઢતાપૂર્વક જણાવ્યું હતું કે, ગુજરાતમાં સંસ્કૃત અને નાટ્ય-પરંપરાના પુનરુત્થાન માટે બોર્ડ સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. વિદ્વાનોને સંશોધન કે અન્ય શૈક્ષણિક કાર્યમાં ધનના અભાવે કોઈ અવરોધ ન આવે તે જોવાનું ઉત્તરદાયિત્વ બોર્ડ વહન કરશે. આ પ્રસંગે ડૉ. સચ્ચિદાનંદ જોશીએ ભારતીય હસ્તપ્રતોના સંરક્ષણ અને સંપાદન કાર્યની અનિવાર્યતા પર ભાર મૂકી સૌને સાંસ્કૃતિક ધરોહર પ્રત્યે સજાગ થવા આહ્વાન કર્યું હતું. ડૉ. સંધ્યા પુરેચાએ નાટ્યશાસ્ત્રને જીવનને સાર્થક બનાવવાનો માર્ગ ગણાવી, નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ અંતર્ગત નાટ્યશાસ્ત્રના શિક્ષણ તરફ થઈ રહેલા પ્રયાસોને બિરદાવ્યા હતા.

અગાઉ કાર્યક્રમના પ્રારંભે પ્રો. યોગેન્દ્ર પારેખે શાબ્દિક સ્વાગતની સાથે યુનિવર્સિટીની શૈક્ષણિક ગતિવિધિઓ અને રચનાત્મક પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. સમગ્ર ઉદ્ઘાટન સત્રનું સુચારુ સંચાલન સંસ્કૃત વિભાગનાં અધ્યાપિકા ડૉ. પાયલ ચાવડાએ અસ્ખલિત સંસ્કૃત ભાષામાં કર્યું હતું અને અંતમાં ડૉ. વિનોદકુમાર માજીરાણાએ આભારવિધિ કરી હતી. આ અવસરે ડૉ. મહેશ ચંપકલાલ અને ડૉ. ગિરીશ ઠાકર જેવા મૂર્ધન્ય વિદ્વાનોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

ઔપચારિક ઉદ્ઘાટન સત્ર સંપન્ન થયા બાદ કલાકાર શ્રી કૃષ્ણેન્દુ સાહા દ્વારા ઓડિસી નૃત્યશૈલીમાં ગણેશ વંદના અને દશાવતારની અદ્ભુત નૃત્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેણે ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.









‘અખિલ ભારતીય આચાર્ય ભરતમુનિ સંસ્કૃત સમારોહ’ દ્વિતીય દિવસ: સંશોધન અને જ્ઞાનનો સંગમ યોજાયો

તારીખ: 1 માર્ચ, 2026

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ તથા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના સંયુક્ત ઉપક્રમે આયોજિત દ્વિ-દિવસીય ‘અખિલ ભારતીય આચાર્ય ભરતમુનિ સંસ્કૃત સમારોહ’ના બીજા દિવસે શોધપત્ર સત્ર અને સમાપન સત્રનું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું.

શોધપત્રની પ્રસ્તુતિનાં ચાર સત્ર યોજાયાં હતાં. આ સત્રોમાં પ્રો. લલિત પટેલ, ડૉ. વિશ્વાસ બળવંત જાધવ, ડૉ. બાલાસાહેબ સૂર્યવંશી, પ્રો. યોગિની વ્યાસ, પ્રો. યોગેન્દ્ર પારેખ, ડૉ. મુકેશ ઈઢારિયા, ડૉ. વિનોદ માજીરાણા, ડૉ. પાયલ ચાવડા અને ડૉ. રોશની પ્રજાપતિ જેવા તજ્જ્ઞો અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યાં હતાં. વિવિધ પ્રાંતના પ્રતિભાગીઓએ નાટ્યશાસ્ત્ર અને સંસ્કૃત સાહિત્યના વિવિધ પાસાઓ પર પોતાના શોધપત્રો રજૂ કર્યાં હતાં.

સમાપન સત્રમાં માનવવિદ્યા અને સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખાના નિયામક પ્રો. યોગેન્દ્ર પારેખે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત ગુજરાત યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. નીરજા ગુપ્તા અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલગુરુ ડૉ. સુકાંત સેનાપતિનું નટરાજની મૂર્તિ,‘ભરતમુનિ અભિનયસિદ્ધાંત’પુસ્તક અને શાલ અર્પણ કરી સન્માન કર્યું હતું.

ડૉ. સુકાંત સેનાપતિએ પોતાના ઉદ્બોધનમાં ‘नाट्यशास्त्रं पञ्चमो वेदः।’ પાછળના ગૂઢ હેતુઓ સમજાવ્યા હતા અને ઉપનિષદમાં વર્ણવેલી પરાવિદ્યા તથા અપરાવિદ્યા પર પ્રકાશ પાડ્યો હતો. પ્રો. નીરજા ગુપ્તાએ ‘નાટ્ય’ શબ્દના અર્થ સાથે ચરકમુનિ દ્વારા દર્શાવેલા પાંચ રોગો (મનરોગ, હૃદયરોગ, શરીરરોગ, વાણીરોગ અને અજ્ઞાનરોગ)ના ઉપચારની રોચક માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, અજ્ઞાનરોગથી પીડાતી વ્યક્તિ ‘નાટ્ય’ દ્વારા ઘણું શીખી શકે છે. તેમણે કાલિદાસ રચિત ‘અભિજ્ઞાનશાકુંતલમ્’ના રસતત્ત્વ અને ભરતમુનિએ પાકશાળામાંથી લીધેલા ત્રણ શબ્દો—રંગ, રસ અને પાત્ર વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે નાટ્યશાસ્ત્ર વિશે ‘પ્રમાણપત્ર અભ્યાસક્રમ’ (Certificate Course)ના નિર્માણ માટે પહેલ કરી હતી. તેમણે વિવિધ ભારતીય કળાઓના અભ્યાસક્રમો બનાવી તેને ઓનલાઇન પ્લેટફૉર્મ દ્વારા વૈશ્વિક સ્તરે પહોંચાડવાનો વિચાર રજૂ કર્યો હતો. સમાપન સત્રનું સંચાલન ભારતીય જ્ઞાન પરંપરા (IKS)ના પ્રાધ્યાપક શ્રી વિવેક સાખીએ કર્યું હતું. આ બે દિવસીય સમારોહ નાટ્યશાસ્ત્રના શાસ્ત્રીય સંવાદો સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.









‘નારી ઉત્કર્ષ સાહિત્ય મહોત્સવ’નું આયોજન

તારીખ: 3 માર્ચ, 2026

ગુજરાત સાહિત્ય અકાદમી અને ‘ગાર્ગી’ – મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે 3 માર્ચ, 2026ના રોજ ‘નારી ઉત્કર્ષ સાહિત્ય મહોત્સવ’ યોજાયો હતો. આ મહોત્સવનો મુખ્ય હેતુ નારી સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવાનો અને સાહિત્ય દ્વારા સ્ત્રી સંવેદનાને સશક્ત મંચ પૂરો પાડવાનો હતો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને યુનિવર્સિટીનાં આદરણીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાય બિરાજમાન રહ્યાં હતાં. આ અવસરે પ્રસિદ્ધ સાહિત્યસર્જક શ્રી રામ મોરી તેમજ આમંત્રિત કવયિત્રીઓ ડૉ. ઉષા ઉપાધ્યાય, સુશ્રી રક્ષા શુક્લા, સુશ્રી પૃથા સોની, સુશ્રી દેવાંગી ભટ્ટ, સુશ્રી કાલિન્દી પરીખ અને સુશ્રી ગોપાલી બુચ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમનું વિશેષ આકર્ષણ ‘સર્જક અને સંવાદ’ અંતર્ગત શ્રી રામ મોરી સાથેની ‘સત્યભામા’ વિષયક રૂબરૂ મુલાકાત રહી હતી. આ સંવાદ દરમિયાન તેમણે સત્યભામાના પાત્ર દ્વારા સ્ત્રીના સ્વાભિમાન, આત્મસન્માન અને આંતરિક સંઘર્ષોને ઉજાગર કર્યા હતા. તેમણે સમજાવ્યું કે, સત્યભામા આધુનિક સ્ત્રીના સ્વર અને સશક્ત વ્યક્તિત્વનું પ્રતીક છે. ત્યારબાદ યોજાયેલા કવયિત્રી સંમેલનમાં વિવિધ કવયિત્રીઓએ પોતાની ભાવસભર રચનાઓ દ્વારા સાહિત્યરસ પીરસ્યો હતો અને સ્ત્રી-અવાજ તેમજ સંવેદનાની ગહન અભિવ્યક્તિ કરી હતી.

અધ્યક્ષીય ઉદ્બોધનમાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે જણાવ્યું કે, સાહિત્ય સમાજનું દર્પણ છે અને જ્યારે નારીના અનુભવો સાહિત્ય દ્વારા વ્યક્ત થાય છે, ત્યારે સમાજ વધુ સંવેદનશીલ બને છે. તેમણે ‘ગાર્ગી’ કેન્દ્રની પ્રવૃત્તિઓની પ્રશંસા કરતાં ઉમેર્યું કે, યુનિવર્સિટી શિક્ષણની સાથે સંસ્કૃતિ અને સાહિત્યના પ્રોત્સાહન માટે પણ પ્રતિબદ્ધ છે.

સમગ્ર કાર્યક્રમ ગાર્ગી કેન્દ્રનાં સંયોજક પ્રો. પ્રિયાંકી વ્યાસના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. ડૉ. નિશા જોષીએ તમામ અતિથિઓનો ગરિમાપૂર્ણ પરિચય આપ્યો હતો. કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. હિના રાવલે કર્યું હતું અને ડૉ. ભાગ્યશ્રી રાજપૂતની આભારવિધિ સાથે આ મહોત્સવ સ્ત્રી સર્જનાત્મકતાનું સશક્ત પ્રતિબિંબ બનીને ગરિમાપૂર્ણ રીતે સંપન્ન થયો હતો.






ઉત્કર્ષ સાહિત્ય મહોત્સવ
ડૉ. ઉષા ઉપાધ્યાય
કવયિત્રી


ગુજરાત સાહિત્ય અકાદમી
નારી ઉત્કર્ષ સાહિત


શ્રી રામ મોરી
સાહિત્ય સર્જક




પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય
ડૉ. ભાગ્યેશ જહા


શ્રી રામ મોરી

BAOU Announces Admissions for M.A. in History (Distance Learning) for the New Academic Session

Date: 6 March, 2026

Dr. Babasaheb Ambedkar Open University (BAOU) invites applications for the Postgraduate Degree in History (M.A. History) offered through the distance learning mode for the new academic session. This provides an excellent opportunity for learners to pursue higher education with flexibility.

This programme is designed to help students develop a critical understanding of historical, economic, and social processes while exploring the rich diversity of Gujarat and Indian society, culture, and heritage. The course equips learners with analytical and research-oriented perspectives essential for the study of history.

The M.A. in History is also highly beneficial for aspirants preparing for competitive examinations and government services, as it strengthens conceptual clarity and historical awareness.

The programme aims to nurture academic confidence, analytical skills, and research aptitude, enabling students to pursue higher education, teaching, and research in the field of history.

"શ્રેષ્ઠ શિક્ષણ તે છે જે આપણને માત્ર માહિતી પૂરી પાડતું નથી, આપણું જીવન સમગ્ર સૃષ્ટિ સાથે સંવાદિતા સાધી શકે તેવું બનાવે છે. પ્રકૃતિ અને પર્યાવરણ સાથેના સીધા સંપર્કથી જ બાળકમાં મુક્ત વિચારસરણી અને સાચી સમજણનો વિકાસ થાય છે."

-રવીન્દ્રનાથ ટાગોર

“શિક્ષણનું અંતિમ લક્ષ્ય એક મુક્ત અને સર્જનશીલ માનવીનું નિર્માણ કરવાનું છે. પુસ્તકોમાંથી મળતું જ્ઞાન મનુષ્યને સંજોગો સામે લડવાની અને સત્યને ઓળખવાની ક્ષમતા પ્રદાન કરે તે જરૂરી છે. કેળવણીથી જ સમાજમાં સહિષ્ણુતા અને કરુણા વિકસે છે."

-ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

SSIP 2.0 અંતર્ગત સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ્સના મૂલ્યાંકન માટે સ્ક્રુટિની કમિટીની બેઠક યોજાઈ

તારીખ: 7 માર્ચ, 2026

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ, યુનિવર્સિટી ખાતે 'સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પૉલિસી' (SSIP 2.0) અંતર્ગત પ્રાપ્ત થયેલ વિવિધ પ્રોજેક્ટ પ્રપોઝલના મૂલ્યાંકન માટે સ્ક્રુટિની કમિટીની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓના નવીન વિચારો અને ઇનોવેશન પ્રોજેક્ટ્સની ઝીણવટભરી સમીક્ષા કરી તેમને યોગ્ય દિશા આપવાનો રહ્યો.

બેઠકના પ્રારંભે SSIP પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ શ્રી તેજેન્દ્ર પરમારે સ્ક્રુટિની પ્રક્રિયાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો. તેમણે ઉમેદવારોને પ્રેઝન્ટેશનની પદ્ધતિ અને મૂલ્યાંકનના વિવિધ માપદંડો અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ, ISIICTL વિભાગના નિયામક પ્રો. મનોજ શાહે વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું કે, SSIP 2.0 અંતર્ગત ઉપલબ્ધ વિવિધ તકોનો સક્રિય રીતે લાભ લઈ પોતાના નવીન વિચારોને સફળ સ્ટાર્ટઅપમાં પરિવર્તિત કરવા જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને ઇનોવેશનના ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

નિષ્ણાત સમિતિ દ્વારા વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ્સની ગહન સમીક્ષા કરવામાં આવી હતી. કમિટીએ પ્રોજેક્ટની નવીનતા, વ્યાવહારિકતા, માર્કેટ સર્વે અને આર્થિક પાસાઓના આધારે મૂલ્યાંકન કરી વિદ્યાર્થીઓને રચનાત્મક સૂચનો આપ્યાં હતાં. આ ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓને તેમના વિચારોને વધુ બજારલક્ષી અને સંશોધન-આધારિત બનાવવાની દિશા પ્રાપ્ત થઈ હતી. યુનિવર્સિટીના આ પ્રયાસથી આગામી સમયમાં નવા સ્ટાર્ટઅપ્સને વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.









ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ઐતિહાસિક નિર્ણય: હવે દિવ્યાંગજનોને મળશે નિઃશુલ્ક શિક્ષણ

તારીખ: 12 માર્ચ, 2026

ડૉ. બાબાસાહેબ આંબેડકરના સર્વસમાવેશી સમાજના વિઝનને સાકાર કરવાના ઉમદા હેતુ સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) દ્વારા દિવ્યાંગજનો માટે મફત શિક્ષણની મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રોફેસર ડૉ. અમી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં બોર્ડ ઑફ મૅનેજમૅન્ટે ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના સિદ્ધાંતોથી પ્રેરિત થઈને આ પ્રેરણાદાયી નિર્ણય લીધો છે.

યુનિવર્સિટી દ્વારા અગાઉથી જ બંદીવાન ભાઈ-બહેનો, શહીદોની વીરવધૂઓ અને તેમના પરિવારજનો તેમજ ટ્રાન્સજેન્ડર સમુદાય માટે નિઃશુલ્ક શિક્ષણની નીતિ અમલમાં છે. આ શૈક્ષણિક સેવાની પરંપરાને આગળ ધપાવતાં હવે દિવ્યાંગજનો માટે પણ શિક્ષણના દ્વાર વિનામૂલ્યે ખોલવામાં આવ્યાં છે. ડૉ. આંબેડકરજીના મતાનુસાર, 'કોઈ પણ સમાજની પ્રગતિનો આધાર તેના સૌથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના ઉત્થાન પર રહેલો છે.' આ જ ભાવનાને ચરિતાર્થ કરતાં યુનિવર્સિટી મૅનેજમૅન્ટે સર્વસમાવેશી શિક્ષણને પ્રગતિશીલ સમાજનો પાયો ગણાવ્યો છે.

આ નિર્ણય દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓની પ્રતિભા અને તેમનાં સપનાઓને સામાજિક મુખ્ય પ્રવાહમાં લાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. યુનિવર્સિટી માને છે કે શિક્ષણ એ માત્ર નીતિ નથી, પરંતુ એક નૈતિક પ્રતિબદ્ધતા અને દરેક નાગરિકનો અધિકાર છે.

યુનિવર્સિટી પ્રશાસને વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમગ્ર સમુદાયને આ પહેલ સાથે જોડાવા અનુરોધ કર્યો છે. આ પ્રયાસ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના સ્વપ્નને સાકાર કરી એક સમતામૂલક અને સ્વસ્થ સમાજનું નિર્માણ થાય તેમજ દરેક વર્ગના વિદ્યાર્થીઓનું સાચા અર્થમાં સશક્તીકરણ થાય તેવો લક્ષ્યાંક સેવવામાં આવ્યો છે.









રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી: 'સૉફ્ટ સ્કીલ એન્હાન્સમેન્ટ' વિષય પર વિશેષ તાલીમનું આયોજન

તારીખ: 12 માર્ચ, 2026

રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયના પ્રોત્સાહન અને માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના વિમેન ડેવલપમેન્ટ સેલ (WDC)દ્વારા તા. 12 માર્ચ, 2026ના રોજ એક વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

આ વર્ષે મહિલા દિનની સંકલ્પના 'Give to Gain'ને ધ્યાને રાખીને 'Soft Skills Enhancement to Manage Emotions for Work-life Balance' વિષય પર આ તાલીમનું આયોજન થયું હતું. આ સત્રના મુખ્ય વક્તા અને પ્રશિક્ષક તરીકે જાણીતા સૉફ્ટ સ્કીલ નિષ્ણાત શ્રી હિતેશભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી હિતેશભાઈ શૈક્ષણિક, કૉર્પોરેટ તેમજ સામુદાયિક ક્ષેત્રે વિવિધ વયજૂથોને કેન્દ્રમાં રાખીને તેજસ્વિની, સ્પંદન, આર્ટ ઑફ પેરન્ટિંગ તેમજ લાઇફ સ્કીલ ડેવલપમેન્ટ જેવા વિષયો પર તાલીમ આપવાનો બહોળો અનુભવ ધરાવે છે.

સમગ્ર પ્રશિક્ષણ પ્રવૃત્તિલક્ષી અને પરસ્પર સંવાદ પર આધારિત રહ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓ પોતાના વ્યાવસાયિક તેમજ વ્યક્તિગત જીવનમાં સૉફ્ટ સ્કીલ કેળવે તે હતો. આ તાલીમ માત્ર મહિલાલક્ષી ન રહેતાં, સમાજના દરેક વર્ગને રોજિંદા જીવનમાં જૂની માન્યતાઓ અને દૃષ્ટિકોણને બદલીને કેવી રીતે સંતુલિત રીતે કાર્ય કરી શકાય તે માટે અત્યંત દિશાસૂચક સાબિત થઈ હતી.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના શૈક્ષણિક તેમજ વહીવટી વિભાગનાં બહેનો મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક સહભાગી થયાં હતાં. સમગ્ર આયોજનના મુખ્ય સૂત્રધાર મહિલા વિકાસ સેલનાં અધ્યક્ષ ડૉ. કૃતિ છાયા હતાં. કાર્યક્રમને સુચારુ રૂપે સંચાલિત કરવામાં ડૉ. નીતુ કનારા, ડૉ. ઈશાની પટેલ, સુશ્રી નીતા વસાવા, ડૉ. પ્રવીણ રાઠોડ અને શ્રી









NEP-2020 અને સંશોધન વિષય પર નેશનલ સિમ્પોઝિયમનું સફળ આયોજન

તારીખ: 16 માર્ચ, 2026

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ દ્વારા 'Navigating the Research Landscape under NEP 2020: Transforming Education through Innovation' વિષય પર નેશનલ સિમ્પોઝિયમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ 'નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત' (KCG) અને શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના સંયુક્ત સહયોગથી યોજાયો હતો.

કાર્યક્રમનો પ્રારંભ દીપપ્રાગટ્ય અને યુનિવર્સિટી ગીત સાથે થયો હતો. ઉદ્ઘાટન સત્રમાં સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટના નિયામક પ્રો. મનોજ શાહે શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. તેમણે જણાવ્યું કે, સંશોધન માત્ર શૈક્ષણિક પ્રવૃત્તિ પૂરતું મર્યાદિત ન રહીને સમાજની વાસ્તવિક જરૂરિયાતો પૂર્ણ કરે અને રાષ્ટ્રીય વિકાસમાં યોગદાન આપે તે અનિવાર્ય છે.

પ્લેનરી સેશન દરમિયાન મુખ્ય વક્તાઓના પ્રેરક વિચારો રજૂ થયા હતા:

• પ્રો. જયેન્દ્રસિંહ જાદવ: તેમણે સંશોધન પ્રક્રિયાનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું કે, GERમાં વધારો કરવા માટે પ્રક્રિયા-કેન્દ્રિત અભિગમ જરૂરી છે. તેમણે ભારતીય જ્ઞાન પ્રણાલી (Indigenous Knowledge Systems)ને માન્યતા આપવા અને સંશોધકોમાં સામાજિક સંવેદનશીલતા કેળવવા પર ભાર મૂક્યો હતો.

• પ્રો. જય બદિયાની: તેમણે 'ડિગ્રીથી સ્ટાર્ટઅપ' સુધીની યાત્રા પર પ્રકાશ પાડતાં નવીનતા આધારિત શિક્ષણની આવશ્યકતા સમજાવી હતી. તેમણે નોકરી-કેન્દ્રિત માનસિકતા છોડી ઉદ્યોગસાહસિક વિચારો અપનાવી મજબૂત સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

• ડૉ. સાગર દવે: તેમણે ડિગ્રી વિતરણથી આગળ વધીને પ્રક્રિયા-આધારિત શિક્ષણ તરફ વળવાની હિમાયત કરી હતી. તેમણે ડિજિટલ પહેલ દ્વારા દૂરસ્થ વિસ્તારો સુધી ગુણવત્તાસભર શિક્ષણ પહોંચાડવાના મહત્ત્વને ઉજાગર કર્યું હતું.

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં 'Education, Innovation and the NEP Era' વિષય પર ઇન્ટરેક્ટિવ ડાયલોગ સેશન યોજાયું હતું, જેમાં પ્રાધ્યાપકો, સંશોધન વિદ્વાનો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સંવાદ કર્યો હતો. અંતમાં સહભાગીઓને પ્રમાણપત્ર વિતરણ સાથે આ શૈક્ષણિક કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.





‘हिन्दू-अध्ययन: भविष्य और संभावनाएँ’ विषय पर सप्त दिवसीय फैकल्टी डेवलपमेंट प्रोग्राम का आयोजन

दिनांक: 21 मार्च, 2026

डॉ. बाबासाहेब आंबेडकर ओपन यूनिवर्सिटी (BAOU) और नॉलेज कंसोर्टियम ऑफ गुजरात (KCG) के संयुक्त तत्वावधान में ‘हिन्दू-अध्ययन: भविष्य और संभावनाएँ - विकसित भारत 2047’ विषय पर सप्त दिवसीय फैकल्टी डेवलपमेंट प्रोग्राम (FDP) का आयोजन किया गया। 21 से 27 मार्च 2026 तक चलने वाले इस ज्ञानयज्ञ के उद्घाटन सत्र का आरंभ मंगलमय वैदिक मंत्रोच्चार, शंखनाद, शास्त्रपूजन और दीप प्रज्ज्वलन के साथ हुआ।

इस अवसर पर मंच पर मुख्यातिथिके रूपमें राष्ट्रीय स्वयंसेवक संघके पश्चिमक्षेत्रके संघचालक श्री डॉ.जयंतीभाई भाडेसिया,यूनिवर्सिटी की माननीय कुलपति प्रो. अमीबेन उपाध्याय, जवाहरलाल नेहरू विश्वविद्यालय के स्कूल ऑफ संस्कृत एंड इंडिक स्टडीज के प्राध्यापक प्रो. रामनाथ झा, नई दिल्ली स्थित राष्ट्रीय पाण्डुलिपि मिशन के निदेशक डॉ. अनिर्बान दास, BAOU के बोर्ड ऑफ मैनेजमेंट के अध्यक्ष श्री यतिनभाई पटेल और स्कूल ऑफ ह्यूमनिटीज एंड सोशल साइंसेज के निदेशक प्रो. योगेन्द्र पारेखकी प्रेरक उपस्थिति रही।

इस गरिमामय अवसर पर अपने उद्बोधन को विस्तार देते हुए मुख्यातिथिश्री डॉ.जयंतीभाईभाडेसियाने इस बात पर विशेष बल दिया कि वर्तमान वैश्विक परिप्रेक्ष्य में नई पीढ़ी को अपनी जड़ों से जोड़ना अनिवार्य है। उन्होंने कहा कि पाश्चात्य संस्कृति के अंधानुकरण के बीच हमारी पुरातन ज्ञान-परंपरा ही वह संबल है, जो समाज को नैतिक पतन से बचाकर राष्ट्र निर्माण की दिशा में अग्रसर कर सकती है। उनके वक्तव्य का मूल स्वर यह रहा कि जब तक हम अपनी दार्शनिक थाती और जीवन-मूल्यों के प्रति गौरवान्वित अनुभव नहीं करेंगे, तब तक एक सशक्त और अखंड भारत का स्वप्न साकार होना संभव नहीं है। अंत में, उन्होंने समस्त उपस्थित प्रबुद्ध जनों से आह्वान किया कि वे अपनी बौद्धिक ऊर्जा का विनियोग भारतीयता के संवर्धन हेतु करें, ताकि यह सांस्कृतिक चेतना केवल उत्सवों तक सीमित न रहकर हमारे दैनिक आचरण का हिस्सा बन सके।

अध्यक्षीय उद्बोधन में प्रो. अमीबेन उपाध्याय ने हिन्दू धर्म की सर्वसमावेशकता पर बल देते हुए स्पष्ट किया कि हिन्दू धर्म किसी एक ग्रंथ तक सीमित न रहकर एक व्यापक और सर्वसमावेशक जीवनशैली है। राज्य सरकार ने यूनिवर्सिटी में माइक्रो और नैनो-क्रेडेंशियल पाठ्यक्रम विकसित करने हेतु अनुदान आवंटित किया है। विशेषरूपसे इसके तहत भारतीय ज्ञान परंपरा और हिंदू स्टडीज सहित प्राचीन पांडुलिपियों पर आधारित 1-2 क्रेडिट के कोर्स तैयार किए जाएंगे।

उद्घाटन सत्र में प्रो. योगेन्द्र पारेख ने सभी अतिथियों का शाब्दिक स्वागत किया। कार्यक्रम का संचालन श्री शुभम तिवारी ने संभाला और श्री जय चुडासमा द्वारा धन्यवाद ज्ञापन किया गया।

इस ज्ञानपर्व में विशेष आकर्षण के रूप में चारों वेद, पुराण, शास्त्र, उपनिषद आदि वैदिक ग्रंथों की प्रदर्शनी तथा ‘साइंस इन संस्कृत’ की प्रदर्शनी आयोजित की गई। इसके साथ ही श्री नरेन्द्र पटेल के सहयोग से शंखनाद का नि:शुल्क प्रशिक्षण भी दिया गया। इस कार्यक्रम में देश के विभिन्न राज्यों से उत्साही प्रतिभागी उपस्थित रहे। भारतीय ज्ञानपरंपरा की जड़ों को सींचने वाला यह कार्यक्रम आने वाले समय में विकसित भारत के निर्माण के लिए एक सुदृढ़ वैचारिक पृष्ठभूमि तैयार करेगा।

उद्घाटन समारोह के पश्चात् विभिन्न उच्चस्तरीय ज्ञानसत्र हुए।

कार्यक्रम के प्रथम सत्र में जवाहरलाल नेहरू विश्वविद्यालय (JNU) की स्कूल ऑफ संस्कृत एंड


Dr. Babasaheb Ambedkar
Open University
(Established by Government of Gujarat)
BAOU
CATEGORY UNIVERSITY
UGC
Azadi Ka Amrit Mahotsav


BAOU
Education for All
A++
G20
Certificate of


BAOU
Education for All
Dr. Babasaheb Ar
Open Univ
(Established by Governme
BAOU
CATEGORY UNIVERSITY
UGC
G20
Azadi Ka Amrit Ma
NATIONAL ASSESSMENT


NAAC
A++
GRADE
Dr. Babasaheb Ambedkar
Open University
(Established by Government of Gujarat)
Azadi Ka Amrit Mahotsav






VISION &
MISSION
National Symposium on
INTERACTIVE DIALOGUE : EDUCATION, INNOVATION & THE NEP2020


MAINTAIN SILENCE

